લાલ દરવાજા વિસ્તારમાં ગરમીના લીધે રસ્તો પીગળ્યો

રોડ પર તાજેતરમાં જ ડી.બી.એમ. લેયરની કામગીરી બાદ આસ્ફાલ્ટ પેન્ટિંગ કરવામાં આવ્યું હતું

રસ્તા પર પથ્થરની રજ પૂરતા સમય સુધી ન રહેવાને કારણે આ સમસ્યા સર્જાઈ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ લાલ દરવાજાથી ગોટાલાવાડી જંક્શન સુધીના માર્ગ પર ગરમીના પ્રકોપને કારણે ડામર પીગળવાની ઘટના બની હતી. આ રોડ પર તાજેતરમાં જ ડી.બી.એમ. લેયરની કામગીરી બાદ આસ્ફાલ્ટ પેન્ટિંગ કરવામાં આવ્યું હતું. જોકે, હાલ શહેરમાં તાપમાનનો પારો 40 થી 42 ડિગ્રી સુધી પહોંચતા અને રસ્તા પર સતત વાહનોના ઘર્ષણને લીધે આસ્ફાલ્ટનું તાપમાન તેના સોફ્ટનિંગ પોઈન્ટથી વધી ગયું હતું. જેના પરિણામે અમુક સ્થળોએ ડામર પીગળવા લાગ્યો હતો અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં જ મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. ટેકનિકલ કારણો મુજબ, કામગીરી બાદ રસ્તાની સપાટી પર સ્ટોનડસ્ટ (પથ્થરની રજ) પૂરતા સમય સુધી ન રહેવાને કારણે આ સમસ્યા સર્જાઈ હતી. મનપાની ટીમ દ્વારા તુરંત પ્રભાવિત સ્થળોએ સ્ટોનડસ્ટનો છંટકાવ કરીને રસ્તાની મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. હાલ આ માર્ગ પર વાહન વ્યવહાર સામાન્ય કરવા માટે જરૂરી તમામ સુધારાત્મક પગલાં ભરી દેવામાં આવ્યા છે તેમ મનપા તંત્ર દ્વારા જણાવાયું છે.

કોસાડ લેક ગાર્ડનમાં મહેફિલ જામે છે

અસામાજિકોનો ત્રાસ દારૂની ખાલી બોટલો મળતાં સુરક્ષા સામે સવાલ, સિક્યુરિટી શોભાના ગાંઠિયા સમાન

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત કોસાડ લેક ગાર્ડન હાલ નશાખોરો અને અસામાજિક તત્ત્વોનો અડ્ડો બની ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક રહીશો જ્યારે વહેલી સવારે ગાર્ડનમાં પહોંચ્યા ત્યારે બાકડાઓ પાસે અને ગાર્ડનના ખૂણેખૂણે વિદેશી દારૂની ખાલી બોટલો તેમજ નાસ્તાનાં પેકેટ્સ વેરવિખેર હાલતમાં મળી આવ્યાં હતાં. આ દૃશ્યો જોતાં ગાર્ડનમાં રાત્રિના સમયે દારૂની મહેફિલો જામતી હોવાના ગંભીર આક્ષેપો સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યા છે.

લાખોના ખર્ચે લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા અને તૈનાત કરવામાં આવેલા સિક્યુરિટી ગાર્ડ્સ માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે. કારણ કે, આટલી સુરક્ષા હોવા છતાં અસામાજિક તત્ત્વો નિર્ભય બનીને જાહેર મિલકતનો દુરુપયોગ કરી રહ્યા છે.

આ ઘટનાને પગલે પાલિકા તંત્ર અને પોલીસ પ્રશાસનની કામગીરી સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. અમરોલી પોલીસ મથકની હદમાં આવતા આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ માત્ર મુખ્ય માર્ગો પૂરતું મર્યાદિત હોવાનું જણાય છે, જેના કારણે ગાર્ડન જેવા શાંત વિસ્તારોમાં નશાખોરોને મોકળું મેદાન મળી ગયું છે. સ્થાનિકોનું કહેવું છે કે ગાર્ડનમાં રાત્રિના સમયે પૂરતા પ્રકાશનો અભાવ અને સિક્યુરિટી ગાર્ડની નિષ્ક્રિયતાને કારણે આવી પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે.

જો તંત્ર દ્વારા વહેલી તકે કડક પગલાં ભરવામાં નહીં આવે, તો સામાન્ય નાગરિકો અને પરિવારજનો માટે ગાર્ડનમાં જવું મુશ્કેલ બની જશે.

સંક્ષિપ્ત સમાચાર

સૂરત પીપલ્સ બેંક દ્વારા મહિલા ગ્રાહકો માટે વર્કશોપ યોજાયો

સુરતઃ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વસંધ્યાએ, ધી સૂરત પીપલ્સ બેન્ક દ્વારા સમૃદ્ધિ હોલ, નાનપુરા,સુરત ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત બેન્કના ચીફ ગેસ્ટ તરીકે બેન્કના ઉપપ્રમુખ શ્રીમતી જાસ્મીનબેન મહેતા તથા ડિરેક્ટર શ્રીમતી અન્યુતા મોદી હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. મહિલા ગ્રાહકો માટે 'ડિજિટલ બેંકિંગ અને સુરક્ષિત રોકાણ' વિષય પર એક વર્કશોપનું આયોજન કરાયું હતું, જેમાં મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અવસરે બેન્કના ઉપપ્રમુખ શ્રીમતી જાસ્મીનબેન મહેતા તથા ડિરેક્ટર શ્રીમતી અન્યુતા મોદીએ જણાવ્યું હતું કે, 'અમારી બેન્ક હંમેશા મહિલા ઉદ્યમીઓને પ્રોત્સાહન આપવા અને તેમને સરળ બેંકિંગ સુવિધાઓ પૂરી પાડવા માટે કટિબદ્ધ છે. કાર્યક્રમ દરમિયાન વિવિધ મનોરંજક પ્રવૃતિઓ, રમતો અને સંવાદાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. બેન્કના AGM કવિતા બેન પંચોલીએ કાર્યક્રમનું સંચાલન કર્યું.

અકસ્માતમાં યુવામુનિ નમ્રરત્નવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા

સુરતઃ ગત તા. ૧૨ માર્ચ, શુક્રવારે સવારે પદયાત્રા-વિહારપૂર્વક મહાવીરધામ તરફ જઈ રહેલ શાસનશણગાર જૈનાચાર્ય રાજરત્નસૂરીશ્વરજી મહારાજની સાથે તેમનો સુવિશાલ શ્રમણ-શ્રમણી પરિવાર પણ પગપાળા વિહાર કરી રહ્યો હતો. તેમાં સવારે ૫:૩૦ પછીના સમયે હાઈવે પર બે ગાડીની ટક્કર થતાં ધસી આવેલ ગાડીના કારણે જૈનાચાર્યના પ્રશિષ્ય યુવામુનિવર નમ્રરત્નવિજયજી મહારાજને ગંભીર ઈજા થઈ હતી અને તેઓ ૨૧ વર્ષની નવયુવાન વયે નવકારમંત્રના શ્રવણપૂર્વક કાલધર્મ (દેહાવસાન) પામ્યા છે. ૬ વર્ષ પૂર્વે જૈનાચાર્ય પાસે દીક્ષા લેનાર આ મુનિવરના પિતા-માતા-ભાઈ સહિત સમગ્ર પરિવારે પણ રાજરત્નસૂરીશ્વરજી મહારાજ પાસે જ દીક્ષા લીધી છે. તેઓ ક્રમશઃ શૌર્યરત્નવિજયજી - હિતાર્થમિત્રાશ્રીજી ધૈર્યરત્નવિજયજીના નામે સંયમસાધના કરી રહ્યા છે. તેમની પાલખીયાત્રાના ઉછામણી વસઈ રોડ સંઘમાં થતાં ભક્તજનોએ તેમાં ઉમળકાથી લાભ લીધો હતો. ઉછામણી બાદ વાજતે-ગાજતે ભવ્યાતિભવ્ય પાલખીયાત્રા યોજાઈ હતી.

પ્રસિદ્ધ શુક્લેશ્વર ધામમાં એડ્વોકેટ શ્રેયસ દેસાઈ પરિવાર દ્વારા ૭ લાખનું દાન

સુરતઃ સુરતથી 80 કિમી દૂર અનાવલ ખાતે આવેલું અને અનાવિલ જ્ઞાતિના કુલદેવતા ગણાતું પ્રસિદ્ધ શુક્લેશ્વર મહાદેવ મંદિર લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. આ પવિત્ર ધામમાં ભક્તોની સુવિધામાં વધારો કરવાના હેતુથી એડવોકેટ શ્રેયસ દેસાઈ પરિવારના સહયોગથી ગજરાબેન ગુલાબભાઈ દેસાઈ સ્મૃતિ દર્શન પથ સાકારિત કરવામાં આવ્યો છે. આ સેવાકાર્ય માટે દેસાઈ પરિવાર દ્વારા અગાઉ અને તાજેતરમાં મળીને કુલ રૂ 6 લાખનું દાન અર્પણ કરવામાં આવ્યું છે.

જાણીતા તબીબોની 'કલરવ' સંસ્થાની અંતાક્ષરી સ્પર્ધાની ફાઈનલ રવિવારે યોજાશે

સુરતઃ ડો. નીતીન ગર્ગ અને ડો. વિનોદ સી. શાહ એક યાદીમાં જણાવે છે કે, શહેરની આરોગ્ય સેવા સાથે સંકળાયેલા તબીબોની સંસ્થા "કલરવ" દ્વારા "વિપુલ કલરવ અંતાક્ષરી ૨૦૨૬ સિઝન-૬"નું તા. ૦૫ માર્ચ થી ૧૨ માર્ચ ૨૦૨૬ દરમ્યાન આયોજન રાત્રે ૮ થી ૧૦ કલાકે રોટરી હોલ, જીવનભારતી શાળા, ટીમલીયાવાડ, નાનપુરા, ખાતે કરવામાં આવ્યું હતું. જેની ફાઈનલ સ્પર્ધા રંગ ભવન ખાતે તા.૧૫-૦૩-૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૦૬.૦૦ કલાકે યોજાશે. આ પ્રસંગે વિપુલ ગ્રુપ ઓફ સારીજના ડિરેક્ટર અનિલ અગ્રવાલ મુખ્ય મહેમાન તરીકે, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસી અતિથિવિશેષ તરીકે તથા મનપાના આસિ. કમિ. ગાયત્રી જરીવાલા હાજર રહેશે.

સુરતના પાંચ સાઇકલવીરો દ્વારા સુરતથી નાથદ્વારાની સાઇકલ સવારી

સુરતઃ સુરત શહેરના પાંચ સાયકલ વીરો દિપક મોદી, વિપુલ શાહ, મહેશ ભક્તા, તેજસ ચોથીયાવાળા અને સમીર દૂધવાલાએ સુરતથી નાથદ્વારા (શ્રીનાથજી) ની ૫૬૦ કિ.મી સાયકલ સવારી કરી હતી. સુરત હિન્દુ રાઇડર્સના નામથી તેઓ હિન્દુઓને જાગૃતિઓને સંદેશ આપવા સુરતના ઇસ્કોન સર્કલ, જહાંગીરપુરા પાસેથી નીકળ્યા હતા અને પહેલા દિવસે 203 કિ.મી, બીજા દિવસે 205 કિ.મી.અને ત્રીજા દિવસે 151 કિ.મી. કાપી શ્રીનાથજી નાથદ્વારામાં પહોંચ્યા હતા.

સુખી થવા માટે ભૌતિકતા નહીં પણ આધ્યાત્મિકતા જોઈએ: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

સુરતઃ દહાણુ રોડ સ્ટેશન પાસે આવેલ શ્રી શાંતિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પંન્યાસ કલ્પવલ્લભવિજયજી મહારાજ આદિ મુનિ ભગવંતોની પધરામણી થતાં ભક્તોમાં હર્ષોલ્લાસભર્યું વાતાવરણ ઉભું થયું હતું. આ પાવન અવસરે આચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભામાં અમૃતવાણીનું આચમન કરાવતા કહ્યું હતું કે, સુખી થવા માટે ભૌતિકતા નહીં પણ આધ્યાત્મિકતા જોઈએ. ભૌતિકતામાં ભુંરાટો બનેલો માણસ ક્યારેય અટકતો નથી. ભૌતિકતાનો પંથ અલ્પવિરામનો છે, પૂર્ણ વિરામનો નહીં. ધરતીનો છેડો આખરે ઘર છે પણ ભૌતિકતાનો તો છેડો જ નથી. ક્યાંક અને ક્યારેક તો અટકવું પડશે. જેઓ અટકતા નથી તેને જ્યાં ને ત્યાં ભટકવું પડે છે. પાપોનું પૂર્ણવિરામ જીવને પરમાત્મા બનાવે છે.

મહિલા દિવસ નિમિત્તે પ્રેસિડન્સી સ્કૂલમાં સંનિષ્ઠ મહિલાઓનું સન્માન



સુરતઃ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પ્રેસિડન્સી સ્કૂલ અને લાયન્સ ક્લબ ઓફ સુરત 'પ્રેસિડન્સી'ના સંયુક્ત ઉપક્રમે સુરત સિટી પોલીસ સ્પેશિયલ બ્રાન્ચના ડીસીપી જુલીબેન કોઠિયા, કવયિત્રી અને સાહિત્યકાર પ્રજ્ઞાબેન વશી તેમજ એજ્યુકેશનાલિસ્ટ, ઉદઘોષક અને નાટ્યકાર માહરૂખબેન ચિચગરને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહમાં પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાલા અને સીએ પી. એમ. શાહના હસ્તે પુષ્પગુચ્છ, ટ્રોફી અને શાલ અર્પણ કરાયા હતા. ટ્રસ્ટી પ્રાધ્યાપક એન.એમ. કારિયા અને ટ્રસ્ટી હિતેન્દ્રભાઈ ચુડાવાળાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. લાયન્સ ક્લબ ઓફ સુરત 'પ્રેસિડન્સી'ના પ્રમુખ નિલમબેન ગજ્જરે આભારવિધી કરી હતી. કાર્યક્રમમાં કિરીટભાઈ ગજ્જર, પ્રિ. જે.એમ. નાયક, મયંકભાઈ ત્રિવેદી, સુનિલભાઈ શાહ, જયસુખભાઈ કથિરીયા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ખજોદ ખાતેથી કચરાના પ્રોસેસિંગ અને નિકાલ માટે

છઠ્ઠી વાર ટેન્ડરિંગ, કૌભાંડી સીડી ટ્રાન્સપોર્ટથી છૂટકારો મળવો જોઈએ

મનપાના ભ્રષ્ટાચારીઓએ અગાઉ પાંચ વખત 'કુલડીમાં ગોળ ભાંગ્યો' હતો

શું મનપાને દેશભરમાંથી કચરાના નિકાલ માટે કોઈ જ એજન્સી મળતી નથી?

ખજોદ ખાતેથી 30 લાખ ટન કચરાના નિકાલ માટે 277.26 કરોડનો ખર્ચ કરાશે

કન્સલ્ટન્ટના અહેવાલ મુજબ ત્રણ વર્ષ દરમિયાન અંદાજે ૩૦ લાખ મેટ્રિક ટન કચરાના નિકાલ માટે સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ મશીનરી સહિતના કેપિટલ વર્ક તેમજ ઓપરેશન-મેન્ટેનન્સ સાથે કુલ રૂ. ૨૭૭.૨૬ કરોડનો ખર્ચ થશે. આ અંદાજને સ્થાયી સમિતિ અને સામાન્ય સભાએ મંજૂરી આપી દીધી છે. મનપાને ટેન્ડર પ્રક્રિયામાં સફળતા મળે તો આગામી ત્રણ વર્ષ સુધી શહેરનો કચરો ખજાદ ખાતે જ પ્રોસેસ કરી નિકાલ કરવામાં આવશે.

સુરત : સુરતમાં કચરા કૌભાંડ કરનાર કંપની સીડી ટ્રાન્સપોર્ટને જ વધુ 10 માસ માટે કચરાના નિકાલની મંજૂરી આપીને સુરત મહાપાલિકાની ભ્રષ્ટાચારી નીતિ ઉઘાડી પડી જવા પામી છે. અગાઉ પાંચ વખત ટેન્ડરિંગ દરમિયાન કોઈજ કોન્ટ્રાક્ટર નહીં આવ્યાનો મુદ્દો ઉભો કરીને મનપાએ ફરી કૌભાંડી સીડી ટ્રાન્સપોર્ટને જ ફાયદો કરાવી દીધો છે અને હવે છઠ્ઠી વખત ટેન્ડરિંગ કરવાની તૈયારી હાથ ધરી છે. જોકે, અત્યાર સુધી પાંચ વખતના ટેન્ડરિંગમાં જો કોઈ જ એજન્સી નહીં આવી હોય તો મનપાએ આખા દેશમાં વિવિધ શહેરોમાં ફરીને એજન્સીઓને આમંત્રણ આપવું જોઈએ કે જેથી નવી એજન્સી આવે અને મનપાનો કૌભાંડી સીડી ટ્રાન્સપોર્ટમાંથી છુટકારો થાય.

ખજોદ ખાતે કચરાના નિકાલનો ઇજારો સંભાળતી સીડી ટ્રાન્સપોર્ટ એજન્સી બાંહેધરી મુજબ કામગીરી કરવામાં નિષ્ફળ જતા મનપા તંત્ર મુશ્કેલીમાં મુકાયું હતું. તેથી નાછૂટકે આ એજન્સીને વધારાના મહત્તમ ૯ લાખ મેટ્રિક ટન કચરાના નિકાલ માટે વધુમાં વધુ ૧૦ મહિના સુધી કરાર વધારી આપવાની મંજૂરી આપવામાં આવી છે. સાથે જ એજન્સી ફરી નિષ્ફળ જાય તો કરાર રદ કરવાની કાર્યવાહી કરવા મનપા કમિશનરને અધિકૃત કરવામાં આવ્યા છે. હવે ઉંબેર ખાતે નવી ડિસ્પોઝલ સાઇટ શરૂ થાય ત્યાં સુધી શહેરના કચરાના નિકાલ માટે મનપાએ અનેક વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી, પરંતુ પાંચ વખત સુધી તેમાં સફળતા મળી નહોતી. હવે સ્થાયી સમિતિની મંજૂરી બાદ ખજાદ ખાતે જ અંદાજે ૧૫ એકર વિસ્તારમાં ત્રણ વર્ષ માટે કચરાના પ્રોસેસિંગ અને નિકાલ માટે નવી એજન્સી પસંદ કરવા ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાશે.

સ્મીમેરમાં ગુંડાગર્દીમાં વિજય પટેલની ધરપકડ

વિજય પટેલે પણ RMO, સિક્યુરિટી સુપરવાઈઝર વિરુદ્ધ અરજી કરી

સુરતઃ સ્મીમેર હોસ્પિટલમાં માથાભારે તરીકે ઓળખાતા વિજય પટેલે માર્શલના જવાનો અને આરએમઓ સાથે ગેરવર્તણૂક કરી ધમકી આપ્યાના મામલે મનપા કમિશનરના આદેશ બાદ સિક્યુરિટી વિભાગ દ્વારા વરાછા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વિજય પટેલ સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે.

માહિતી મુજબ સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ હોસ્પિટલ કેમ્પસમાં શ્વાન રાખવા પર પ્રતિબંધ છે. તેમ છતાં હોસ્પિટલના ક્વાર્ટર્સમાં રહેતા વિજય પટેલે 20થી વધુ શ્વાન રાખ્યા હતા. થોડા દિવસ પહેલાં પોસ્ટમોર્ટમ વિભાગ પાસે શ્વાનોને દૂર કરવાની કાર્યવાહી દરમિયાન વિજય પટેલે માર્શલના જવાનો સાથે ગુંડાગર્દી કરી તેમને માર મારવાની ધમકી આપી હતી. આ દરમિયાન સમાધાન માટે વચ્ચે પડેલા આરએમઓ અધિકારી હેમંત ભગવાગર સાથે પણ તેણે ગેરવર્તણૂક કરી હતી. ઉપરાંત તેની પત્ની કુંતા પટેલ પણ હોસ્પિટલમાં પહોંચી ધમાલ મચાવી હતો. આ ઘટના બાદ હોસ્પિટલમાં મેયરની અધ્યક્ષતામાં મળેલી એક્ઝિક્યુટિવ બેઠકમાં મુદ્દો ચર્ચાયો હતો. ત્યારબાદ કમિશનર એમ. નાગરાજને વિજય પટેલ સામે પોલીસ ફરિયાદ નોંધાવવાનો આદેશ આપતા સ્મીમેરના સિક્યુરિટી સુપરવાઈઝર અનિલ પટેલે વરાછા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વિજય પટેલ સામે સરકારી ફરજમાં રૂકાવટ અને ધમકી આપવાના ગુનામાં ધરપકડ કરી હતી. બીજી તરફ વિજય પટેલે પણ આરએમઓ અને સિક્યુરિટી સુપરવાઈઝર વિરુદ્ધ અરજી કરી હોવાનું જાણવા મળ્યું છે, પોલીસે બંનેના નિવેદન નોંધ્યા છે.

બીસીજી ચૂંટણીમાં સુરતમાં થયેલા મતદાનમાં ૨૨૧ મત રદ, સુરતની મતપેટી ખૂલી

સુરતઃ અમદાવાદ હાઈકોર્ટ ખાતે ઓડિટોરિયમમાં ચાલતી બીસીજીની ચૂંટણીની ખરેખર મતદાન ગણતરીનો આજથી પ્રારંભ થઈ ગયો છે. છેલ્લા ત્રણ દિવસ સુધી મતપેટીના મતોનું શોર્ટલિસ્ટ કરાતું હતું. ગુજરાત સ્ટેટ બાર કાઉન્સિલની 23 બેઠક પર થયેલી મતદાન ગણતરી પ્રક્રિયાના ગુરુવારે ત્રીજા દિવસે સુરતની મતપેટીઓ ખોલવામાં આવી હતી. આ સાથે મતગણતરીના ત્રીજા દિવસે શોર્ટલિસ્ટ પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. ગુરુવારે સુરતમાં થયેલા ૫૧૭૦ મતદાનમાંથી ૨૨૧ મત રદ કરાયા હતા. જ્યારે ૪૯૪૯ મત માન્ય કરવામાં આવ્યા હતા. મળતી વિગત મુજબ બીસીજીની ચૂંટણીમાં થયેલાં કુલ ૪૯,૦૦૬માંથી માન્ય મત ૪૬,૨૮૪ અને ૨,૭૨૨ અમાન્ય મત ઠેરવવામાં આવ્યા હતા. અત્રે બીસીજીની ચૂટણીમાં સુરતમાંથી ૧૧ વકીલે ઉમેદવારી નોંધાવી હતી.

વરાછામાં દબાણ દૂર કરવાની કામગીરી સામે મનપા કચેરીએ દબાણકર્તાઓનું તોફાન

દબાણકર્તાઓ મ્યુનિ.કમિ.ની કારની આગળ સૂઈ જઈ હંગામો કર્યો

'ચોરી પર સીના જોરી'ની જેમ વહીવટદાર, મ્યુનિ. કમિ. અને ડે.કમિ.ની ગાડીનો ઘેરાવ કર્યો

સુરત : શહેરના વરાછા વિસ્તારમાં લારી-પાથરણાના દબાણો દૂર કરવાની સુરત મહાનગરપાલિકાની કાર્યવાહી સામે પાથરણાવાળાઓ 'ચોરી ઉપર સીનાજોરી' કરી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી મનપા તંત્ર દ્વારા વરાછા રોડ, વરાછા બ્રિજ નીચે તેમજ બરોડા પ્રિસ્ટેજ વિસ્તારમાં રસ્તા પરના દબાણો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જેના વિરોધમાં ગુરુવારે પાથરણાવાળાઓ અને નાના વેપારીઓ મોરચો લઈને મનપાની મુખ્ય કચેરીએ પહોંચ્યા હતા અને હંગામો કર્યો હતો.

વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણી દ્વારા દબાણ મુદ્દે રજૂઆત કર્યા બાદ મનપાએ કાર્યવાહી તેજ કરી હતી.

આ દરમિયાન પાથરણાવાળાનો સામાન જપ્ત કરવામાં આવતા વેપારીઓમાં રોષ વ્યાપ્યો હતો. પાથરણાવાળાઓએ બરોડા પ્રિસ્ટેજ વિસ્તારથી રેલી કાઢી સૂત્રોચ્ચાર સાથે મનપા મુખ્ય કચેરીએ પહોંચી કમિશનરને વીડિયો કેમેરા ચાલુ રાખી મળવાની માંગ કરી હતી.

ઉપરાંત આજે જ વહીવટદાર તરીકે ચાર્જ સંભાળનાર મિલિન્દ તોરવણેએની ગાડી કમિશનરની હોવાનું માનીને તેનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો.

પાથરણાવાળાઓ મનપા ગેટ આગળ સૂઈ જઈ વિરોધ નોંધાવતા તણાવભરી સ્થિતિ સર્જાઈ હતી. બાદમાં મિલિન્દ તોરવણેએ લોકો વચ્ચે જઈ વાતચીત કરી તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનર બહાર નીકળતા તેમની ગાડીનો પણ ઘેરાવો કરવામાં આવ્યો હતો.

ઉધનામાં પ્રિન્ટિંગ મશીનમાં આગ

સુરતઃ ઉધના વિસ્તારમાં રાયકા સર્કલ પાસે આવેલી આત્માનંદ ઈન્ડસ્ટ્રિઝમાં બુધવારે વહેલી સવારે ડિજિટલ પ્રિન્ટિંગ મશીનમાં આગ લાગવાની ઘટના બની હતી. આત્માનંદ ઈન્ડસ્ટ્રિઝના ડિજિટલ પ્રિન્ટિંગ કારખાનાના પહેલા માળે આવેલ ફ્યુઝન મશીનમાં અચાનક આગ લાગી હતી. ત્યાં હાજર ત્રણેક કામદારોએ દોડી આવી આગ બુઝાવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ આગ કાબૂમાં ન આવતાં ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી અડધાથી પોણા કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર આગ તો ગણતરીના કલાકોમાં કાબૂમાં આવી ગઈ હતી. ઘટનામાં કોઈને ઈજા પહોંચી ન હતી. કે જાનહાનિ પણ થઈ ન હતી.

રેતીના ઢગલામાં છુપાવીને ગાંજો વેચવાનો ગોરખધંધો

અલથાણ સત્ય સાંઈ આયોગ્ય કેન્દ્ર સામેથી ગાંજા સાથે બેની ધરપકડ

સુરતઃ અલથાણ પોલીસે બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડામાં, સત્ય સાંઈ આયોગ્ય કેન્દ્ર સામે આવેલી એક ગલીમાં રેતીના ઢગલા નીચે છુપાવીને રાખવામાં આવેલો ૧૧૨૭ ગ્રામ ગાંજાનો જથ્થો પોલીસે કબજે લઈ બેની ધરપકડ કરી હતી જ્યારે રિક્ષા ચાલકની શોધખોળ શરુ કરી છે.

સત્ય સાંઈ આયોગ્ય કેન્દ્ર સામે આવેલી એક ગલીમાં રેતીના ઢગલામાં ગાંજો છુપાવી તેનું છૂટક વેચાણ ચાલી રહ્યું હોવાની બાતમીના આધારે પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો. અહીં પડેલા રેતીના ઢગલામાં તપાસ કરતાં તેમાંથી એક પ્લાસ્ટિકની થેલી હતી. જેનું ટેસ્ટિંગ કરાવતા તે ગાંજો હોવાનું બહાર આવ્યું હતું જેથી પોલીસે અહીં હાજર દિપક મોહન ખરે(રહે.રૂમ નંબર 11 બિલ્ડીંગ નંબર 4 એસએમસી આવાસ સુધર્મ ભવનની બાજુમાં અલથાણ) અને નમેશ ગણેશભાઈ વણકર (રાજે. હરીઓમનગર સત્યસાંઈ સ્કુલની પાસે અલથાણ)ની ધરપકડ કરી હતી. તેઓ ગાંજો ડીઆરબી કોલેજ પાસેથી એક અજાણ્યા રિક્ષાચાલક પાસેથી ખરીદતા હોવાથી પોલીસે તેની શોધખોળ શરુ કરી છે. પોલીસે અહીંથી અંદાજે રૂપિયા ૫૬,૩૫૦ની કિંમતનો ૧૧૨૭ ગ્રામ ગાંજો રોકડ રકમ રૂ.૯,૩૦૦ તેમજ મોબાઈલ ફોન ૨ નંગ (કિંમત ૭,૦૦૦) અને એક્સેસ ૧૨૫ મોપેડ (નંબર GJ-05-MY-7295) જપ્ત કર્યા છે.

અડાજણમાં ચિરાગ ભરવાડની ટોળકીનો આતંક

ચિરાગ ભરવાડ તથા સાગરિતો સામે અડાજણ પોલીસમાં ગુનો નોંધાયો

ભૂપત આહીર હત્યાથી ચર્ચામાં આવ્યો ચિરાગ ભરવાડ

સુરતમાં થોડા સમય પહેલા બનેલા ચર્ચિત ભુપત આહીર હત્યાકાંડ બાદ ચિરાગ ભરવાડનું નામ શહેરમાં ભારે ચર્ચામાં આવ્યું હતું. આ કેસ પછી પણ તેની ગેંગની દાદાગીરી અને ખંડણી ઉઘરાવવાના બનાવો સમયાંતરે સામે આવતા રહ્યા છે.અડાજણમાં થયેલી તાજી ઘટનામાં ચિરાગ ભરવાડ અને તેના સાગરિતોએ જમીન દલાલને ખુલ્લેઆમ ધમકી આપી દર મહિને રૂ.2 લાખ આપવાની માંગણી કરી હતી.શરૂઆતમાં ભયના કારણે ભોગ બનનારએ ફરિયાદ કરી નહોતી, પરંતુ સતત ફોન પર ધમકીઓ મળતા આખરે પોલીસનો સહારો લેવો પડ્યો.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ મામલે આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે અને ગેંગની હરકતો પર પણ નજર રાખવામાં આવી રહી છે.

સુરત : સુરતમાં ભુપત આહીર હત્યાકાંડમાં નામચીન બનેલા માથાભારે ચિરાગ ભરવાડ અને તેની ગેંગનો આતંક ફરી એકવાર સામે આવ્યો છે. અડાજણ વિસ્તારમાં જમીન દલાલ તરીકે કામ કરતા આધેડને મધુવન સર્કલ પાસે ઘેરી લઈ ગેંગે માર મારી રોકડા રૂ.1 લાખ પડાવી લીધા હતા અને ધંધો ચાલુ રાખવો હોય તો દર મહિને ખંડણી આપવા ધમકી આપી હતી. બનાવ અંગે ફરિયાદ નોંધાતા અડાજણ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

અડાજણ ગામની શ્રીનાથ સોસાયટીમાં રહેતા મહેન્દ્ર ગોમનભાઈ પટેલ જમીન દલાલ છે. માહિતી મુજબ ગત 10 ડિસેમ્બર 2024ની રાત્રે લગભગ 10:30 વાગ્યાના અરસામાં મહેન્દ્રભાઈ જમીન સંબંધિત કામ પૂરું કરી નવસારીથી પરત આવી મિત્ર જીગ્નેશ રમેશભાઈ ભંડારી સાથે અડાજણના મધુવન સર્કલ નજીક ઉભા હતા. ત્યારે ગોડાદરા વિસ્તારનો ચિરાગ ઉર્ફે ચિરાગ ભરવાડ રેવાભાઈ મેર કારમાં ત્યાં આવ્યો હતો. તેની સાથે જોય સોટિયા, મહેશ વાળા અને સુરજ વિરડિયા પણ હતાં. ચિરાગ ભરવાડે મહેન્દ્રભાઈને 'તું મારી ગેંગને પૈસા કેમ આપતો નથી' કહી ગાળો આપી બે-ત્રણ તમાચા માર્યા હતા અને ધંધો ચાલુ રાખવો હોય તો દર મહિને રૂ.2 લાખ આપવા પડશે તેવી ધમકી આપી હતી. ગેંગની ધમકીથી ભયભીત થયેલા મહેન્દ્રભાઈએ પોતાની પાસે રહેલા રૂ.1 લાખ ચિરાગને આપી દીધા હતા અને બાકીની રકમ થોડા દિવસમાં આપવાનો વાયદો કર્યો હતો.ઘટના બાદ પણ ચિરાગ ભરવાડ અને તેના સાગરિતો ફોન પર વારંવાર ધમકી આપી વધુ પૈસાની માંગણી કરતા રહ્યા હતા. આખરે કંટાળી મહેન્દ્રભાઈએ અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ચિરાગ ભરવાડે જમીન દલાલના નગ્ન ફોટા પાડી 3 લાખ પડાવ્યા

સુરતમાં ધંધો કરવો હોય તો દર મહિને રૂપિયા આપવા પડશે

સુરતઃ પાલમાં રહેતા જમીન દલાલ તેની મોપેડ પર જમીન જોવા નીકળ્યો હતો.આ દરમિયાન જમીન દલાલ પાલ પાટિયા પાસે મિત્રો સાથે વાતચીત કરતો હતો ત્યાર ત્યાં એક સ્કોડા કારમાં હત્યા કેસનો આરોપી ચિરાગ ભરવાડ સહિત તેના અન્ય સાગરીતો આવી પહોંચ્યા હતા.જ્યાં તેમણે અમને પૂછ્યા વગર સુરતમાં જમીનનો ધંધો કેવી રીતે કરે છે? તારે અમને 15 લાખ પૈસા આપવા પડશે'. એટલું જ નહીં, આરોપીએ પોતાના મોબાઈલમાંથી વેપારીના અન્ય સ્ત્રીઓ સાથેના મોર્ફ કરેલા નગ્ન ફોટા બતાવી ધમકી આપી દલાલ પાસે રહેલા 3 લાખ ખંખેરી ભાગી છૂટતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.

ફરિયાદ મુજબ, પાલ શિવ દિવ્જામાં રહેતા અને જમીન લે-વેચનો ધંધો કરતા વૈભવ અજીતકુમાર દેસાઈ (ઉ.વ.૩૭) ગત તા. ૨ જાન્યુઆરીના રોજ બપોરે પોતાની એક્ટિવા પર રૂ. ૩ લાખ રોકડા લઈને જમીન જોવા નીકળ્યા હતા. તેઓ પાલ પાટિયા પાસે યુફોરીયા હોટલ નજીક મિત્ર વિરમભાઈ રબારી સાથે વાત કરી રહ્યા હતા, ત્યારે સ્કોડા કારમાં ચાર શખ્સો ધસી આવ્યા હતા. કારમાંથી ઉતરેલા ચિરાગ ઉર્ફે ચિરાગ ભરવાડ રેવાભાઈ મેરે વેપારીને ધમકાવતા કહ્યું હતું કે, 'અમને પૂછ્યા વગર સુરતમાં જમીનનો ધંધો કેવી રીતે કરે છે? તારે અમને પૈસા આપવા પડશે'. એટલું જ નહીં, આરોપીએ પોતાના મોબાઈલમાંથી વેપારીના અન્ય સ્ત્રીઓ સાથેના મોર્ફ કરેલા નગ્ન ફોટા બતાવી ધમકી આપી હતી કે જો ૧૫ લાખ નહીં આપે તો આ ફોટા વાયરલ કરી તેને અને તેના પરિવારને મરવા મજબૂર કરી દેશે. આરોપીઓએ વેપારીના મિત્રને ગાલ પર તમાચા મારી દહેશત ફેલાવી હતી. ડરના માર્યા વેપારીએ પોતાની એક્ટિવાની ડીકીમાં રાખેલા રૂ. ૩ લાખ આરોપીઓને આપી દીધા હતા. આ બાબતની ફરિયાદ થતાં પોલીસે ચિરાગ ભરવાડ, જોય સાટીયા, મહેશ વાળા અને વિકી ગુડાળા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.